## શાળાના સંસ્મરણો

શારદામંદિર સ્કુલ - મા સરસ્વતીનું મંદિર. આવું અદ્ભૂત સ્થાન મારા શૈશવકાળમાં ક્યાંય જોયું પણ ન હતું અને કલ્પ્યું પણ ન હતું. સ્કુલે જવાનું સ્થળ નહતું પણ મને મારા ઘર કરતાં પણ તેનો વધારે લગાવ રહેતો, જેમાં જરાય અતિશયોક્તિ નથી. સ્કુલમાં ખૂબ મઝા આવતી હતી અને ખૂબ આનંદ લૂંટ્યો હતો.

ઋષિમુનિ જેવા આચાર્ય, પૂજ્ય વજુભાઈ સાહેબની છત્રછાયામાં અમે બાળકો ભણતા ભણતા પણ ખૂબ આનંદ કરતાં અને આત્મવિશ્વાસનો ડંકો વગાડતા. સૌ પ્રથમતો સવારના ૧૦.૩૦ વાગ્યે પ્રાર્થના હોલમાં વૈદેહીબેનના કંઠે અને મણિભાઈ સાહેબના સંગીત સાથે ગવાયેલા 'ઈશનું રાજ છે આખું...' એ ગીતાના શ્લોકો અમને અદ્ભૂત ધ્યાનમાં લઈ જતાં. તે પ્રાર્થનાઓ આજે પણ મને કંઠસ્થ છે. ત્યાર પછી આચાર્ય સાહેબના પ્રેરણાદાયી પ્રવચનથી શાળાની શરૂઆત થતી. ક્લાસ ચાલુ થાય એટલે સહવિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ સાથે ભણવાની મઝા તો આવતી જ. પણ શિક્ષકોનો પ્રેમ અને અમારો તેમના માટેનો આદર અદમ્ય જ હતો. સ્કુલ એટલે તોફાન, રમત ગમત, જાતજાતની વાતો, વાર્તાઓ વગેરે.

| |
|---|
| તા.૨૯-૬-૨૦૧૯ના રોજ સંસ્થાના શિશુમંદિર વિભાગના વર્ગોનું આધુનિકરણનું કામ પૂરું થયેલ અને સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા ગવર્નીંગ બોડીના સભ્ય શ્રી મુનિરભાઈ વિનોદચંદ્ર મહેતાના વરદ્ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવેલ. |

<u>પ્રવાસ :</u> શારદામંદિર જેવા પ્રવાસો ભાગ્યે જ કોઈ સ્કુલે ગોઠવ્યા હશે. પાંચમાં ધોરણમાં ૩૦ દિવસનો દક્ષિણ ભારતનો પ્રવાસ અદ્ભૂત હતો. ૩૨ જગ્યાઓ, રામેશ્વરમ અને ધનુષકોડી (પાણીમાં ગરકાવ થઈ ગઈ)ની જોગ ફોલ્સ, કન્યાકુમારી બધાં જ સ્થળોએ અમે ફર્યા હતાં. ૩૦ દિવસમાં ૧૮૦ દિવસ જેટલું જ્ઞાન કેવળ પ્રવાસ જ આપી શકે, તેવી મારી દૃઢ માન્યતા છે.

શાળાનું ભણતર કરતાં ઘડતર અનેકગણું વધારે હતું અને આખું જીવન જીવવાની ચાવી પણ ત્યાંથી જ મળી છે. 'મુશ્કેલી માત કી જય' બોલાવીને આત્મવિશ્વાસનો રણકો પણ એનો જ છે. અદ્વિતીય હતી અને છે, મારી શાળા.

કોટિ કોટિ પ્રણામ.

**- મુનિર મહેતા**
(૧૯૬૬ બેચ)